# નકલી ડીવાયએસપીના નામે ઠગતી અમદાવાદની ટોળકી ઝડપાઇ

હિંમતનગર, તા. ૧૩
ગુજરાતમાં ભોળી પ્રજાને છેતરવા માટે નકલી પોલીસના નામે લોકોને ઠગતી અમદાવાદી ગેંગના મુખ્ય સુત્રધાર સહિત પાંચ સાગરીતોને શનિવારે સાંજે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે રૂ. ૯૯૦૦૦ રોકડા અને વાહન સાથે ઝડપી લીધા હતા. ત્યારબાદ તેમની પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

આ અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડી.ડી.પરમાર તથા સ્ટાફના જણાવાયા મુજબ દેવગઢ બારીયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મહેશભાઇ નામના વ્યક્તિએ નકલી ડી.વાય.એસ.પી.ના નામે અમદાવાદના મહાદેવનગર વિસ્તારમાં આવેલા નિસર્ગ બંગ્લોઝમાં રહેતા વિનોદકુમાર ચિમનલાલ પટેલ નામના શખ્સે ફોન કરીને તેમની પાસેથી રૂ. ૧.૫૦ લાખ માગ્યા હતા. અને આ પૈસા હિંમતનગરના બાબુ કાન્તિ આંગડીયા પેઢીમાં શનિવારે આવવાના હતા. જે અંગેની બાતમી જીલ્લા પોલીસ વડા પ્રવિણ માલ દ્વારા બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અપાઇ હતી.

જે આધારે બી-ડીવીઝન પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન વિનોદભાઇ પટેલ આંગડીયા પેઢીમાં નાણા લેવા આવ્યો હતો. ઉપરાંત એક કારમાં આવેલા વિપુલકુમાર જેઠાલાલ પટેલ (રહે. ૫૦૧, શ્રીનાથ હીલ, વસ્ત્રાલ રોડ, અમદાવાદ), ભરતસિંહ ચતુરસિંહ પરમાર (રહે. ખોખરા, અમદાવાદ), હિતેષકુમાર ઈશ્વરભાઈ પટેલ (રહે. સુરભી પાર્ક, વસ્ત્રાલ રીંગ રોડ, અમદાવાદ) અને શ્રીપદ ભરતભાઇ પટેલ (રહે. સી/ ૧૦૫, રીટાનગર, મહાદેવનગર વસ્ત્રાલ રીંગ રોડ, અમદાવાદ) ટાવર ચોક ખાતે ઉભા હતા. ત્યારબાદ તેને ઝડપી લઈ પુછપરછ કર્યા બાદ ટાવર ચોકમાં ઉભેલા સાગરીતોને પકડવા પોલીસ સાથે ગઈ હતી. પરંતુ તેઓ પોલીસને જોઇ જતા ભાગી ગયા હતા. જોકે તેમની વિરૂધ્ધ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દેવગઢ બારીયા નગરપાલિકના પૂર્વ પ્રમુખ મહેશભાઇ સાથે નકલી ડી.વાય.એસ.પી.ના નામે ભરતસિંહ પરમારે તેમનો પુત્ર હિંમતનગર ભણતો હોવાથી રૂ. ૧.૫૦ લાખની માંગણી કરી હતી. જે આધારે ત્રણ દિવસ અગાઉ દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી.

### પાંચ જીલ્લામાં ઠગ ટોળકી ફરતી હતી

પી.એસ.આઇ. ડી.ડી.પરમારના જણાવાયા મુજબ ઠગ અમદાવાદી ટોળકીના પાંચ શખ્સોએ પુછપરછ દરમિયાન તેમણે અમદાવાદ, ગાંધીનગર, દાહોદ, ગોધરા અને પાટણમાં નકલી પોલીસના નામે લોકો પાસેથી આંગડીયામાં નાણાં મંગાવી ઠગાઇ કરવામાં આવતી હતી.

### મોતીપુરામાંથી કાર સાથે ચાર ઠગ પકડાયા

નકલી ડી.વાય.એસ.પી.ના નામે ઠગાઇ કરતી ટોળકીના ચાર સાગરીતો હિંમતનગરના ટાવર ચોકમાંથી કાર નંબર જી.જે.૨૭.એએ.૫૩૫૦ લઈને ભાગ્યા હતા. પરંતુ બી-ડીવીઝન પોલીસે નાકાબંધી કરીને તેમને હિંમતનગરના મોતીપુરામાંથી કાર સાથે પકડી લીધા હતા

### પકડાયેલા પાંચ પૈકી એક ભાજપનો વોર્ડ પ્રમુખ

નકલી પોલીસના નામે લોકોને છેતરતા વિનોદ ચિમનભાઇ પટેલ મુખ્ય સુત્રધાર છે ત્યારે તે અમદાવાદના મહાદેવનગર વોર્ડ ભાજપના પ્રમુખ તરીકે સેવા આપે છે. એમ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડી.ડી.પરમાર સમક્ષ કબુલ્યું હતું.



### તડબુચના પાકમાં રોગચાળો : ખેડૂતોની હાલત કફોડી

જિલ્લામાં કેટલાક સમયથી વાદળછાયા વાતાવરણે અડિંગો જમાવ્યો છે. જેના લીધે ખાસ કરીને તડબુચની ખેતી કરતા ખેડૂતોની માઠી દશા બેઠી છે. છેલ્લા કેટલાય સમયથી તડબુચના પાકમાં સફેદ માખી અને માંલા મસીનો ખુબજ ઉપદ્રવ વધી જવાથી તેને કાબુ કરવા ખેડૂતોએ મોઘીદાટ દવાઓનો છંટકાવ કર્યો હોવા છતાં કોઈ જ પરિણામ ન મળતાં ખેડૂતોમાં ચિંતા ફેલાઈ ગઈ છે. ખેડૂતોએ સમયસર પિયત અને દવાનો છંટકાવ કરી ખેતી તૈયાર કરી હતી. પરંતુ ફળ બેસવાના શરૂ થતાની સાથે જ તડબુચના વેલા પીળા પડવાનો રોગ આવતાં આખે આખા ખેતરો પીળા થવા માડ્યા છે અને વેલા પણ સુકાવા લાગ્યા હોઈ ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે. વેલા પીળા થવાના રોગની અસરથી માત્ર ત્રણ ચાર દિવસમાં જ આખા ખેતરમાં ફેલાઈ જઈને ખેતરમાના બધા છોડ ધીરે ધીરે પીળા પડી સુકાઈ જાય છે ત્યારે આ રોગચાળાને કાબુ કરવા માટે સપ્તાહની બે થી ત્રણ હજારની દવાનો છંટકાવ કરવાની નોબત આવી જતા ખેડૂતોને વધરાનો ખર્ચ કરવાની ફરજ પડી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ઇડરના કુખ્યાત બુટલેગરને તડીપાર કરાયો

ઈડરના વણઝારા વાસમાં રહેતા પ્રવિણજી હજારીજી વણઝારા છેલ્લા ઘણા સમયથી દેશી અને વિદેશી દારૂનું ગેર કાયદે વેચાણ કરતા હતા. જે અંગે તેમની વિરૂધ્ધ અનેક ગુના દાખલ થયા હતા. ત્યારબાદ તેમને તડીપાર કરવાની દરખાસ્ત તૈયાર કરીને તાજેતરમાં જીલ્લા કલેક્ટરને મોકલાઇ હતી. જે આધારે જીલ્લા કલેક્ટરે શનિવારે ઈડરના બુટલેગર પ્રવિણજી વણઝારાને બે વર્ષ માટે અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા અને અમદાવાદ જીલ્લાની હદમાં નહી પ્રવેશવાનો હુકમ કરતા તેમને સાબરકાંઠા સહિત છ જીલ્લામાંથી તડીપાર કરાયા છે.

### એક્સાઇઝ ડ્યુટીની નાબુદી માટેની જ્વેલર્સોનો બંધ ૧૪માં દિવસે યથાવત

હિંમતનગર, તા. ૧૩
કેન્દ્રીય બજેટમાં જ્વેલર્સ વ્યવસાય પર નાણાંમંત્રીએ એક ટકો એક્સાઇઝ ડ્યુટી નાખવાની જોગવાઈ કરી છે ત્યારે તેના વિરોધમાં સમગ્ર દેશમાં જ્વેલર્સો દ્વારા ધંધા રોજગાર ૧૪ દિવસથી બંધ રખાયા છે. જે અંતર્ગત હિંમતનગર સહિત જીલ્લા અન્ય સ્થળે પણ વેપારીઓએ જોડાઇને સહયોગ આપ્યો છે. ત્યારે શનિવારે હિંમતનગરના મહાવીરનગર ચાર રસ્તા ખાતે થાળી વેલણથી ઘંટનાદનો કાર્યક્રમ યોજ્યો હતો.



### ખેડબ્રહ્મા ખાતે આશા સંમેલન યોજાયું

ખેડબ્રહ્મા હનુમાનજી મંદિર ખાતે આશા સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એચ.એસ. ગઢવી તથા આશા બહેનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ૧૫૦ જેટલી સંખ્યામાં આશા બહેનો તેમજ ૧૫ જેટલી સંખ્યામાં આશા ફેસીલીટેટર બહેનો હાજર રહ્યા હતા. તાલુકા હેલ્થ ઓફિસર તથા જિલ્લા કક્ષાએથી આવેલ ડૉ. વિજય અગ્રવાલ (સી.એસ.ઓ.) તેમજ મેડીકલ ઓફિસર જિતેન્દ્ર જાદવ આશા બહેનોને તેમની કામગીરીની ઊંડી સમજ આપી અને બાળ મરણ અટકાવવા કયા કયા પગલા ધ્યાને લેવા તેની વિસ્તૃતમાં સમજ આપી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ગુજરાતના પ્રથમ શ્રમયોગી નામાંકન રથનું શામળાજીથી પ્રારંભ

હિંમતનગર, તા. ૧૩
ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા રાજ્યમાં પ્રથમ શ્રમયોગી નામાંકન રથનું યાત્રાધામ શામળાજીથી મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવાયો હતો. આ યોજના અંતર્ગત આ રથ દ્વારા એક વર્ષમાં ૨ લાખ નામાંકન કરવાનો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવનાર હોવાનું બોર્ડના ચેરમેને જણાવ્યું હતું.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા રાજ્યના મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રમાં રોકાયેલા શ્રમયોગીઓની સલામતી, આરોગ્ય, કલ્યાણ માટે કાયદો બનાવી બોર્ડ દ્વારા શ્રમયોગીઓને જુદી જુદી સહાય ચુકવવામાં આવે છે. પરંતુ આવા શ્રમયોગીઓના નાંમાંકન ન થવાના અભાવે તેઓને પુરતી સહાયો ચૂકવી શકાતી નથી. ત્યારે રાજ્ય સરકારના શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા રાજ્યમાં આવા શ્રમજીવીઓના નામાંકન માટે રાજ્યના પ્રથમ નામાંકન રથનું લોકાર્પણ રવિવારે યાત્રાધામ શામળાજીથી મંત્રી રમણલાલ વોરાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે શ્રમયોગી કલ્યાણ બોર્ડના ચેરમેન ડૉ.અનિલભાઇ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહજી ડાભી, કલેક્ટર છાકછુઆક, હસમુખભાઇ મડીયા, ગજાનંદભાઇ પ્રજાપતિ, રમેશભાઇ રાવલ, મામલતદાર જી.કે.પટેલ, ટી.ડી.ઓ. મોડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### તલોદમાં યુવતીને ભગાડી જવા બાબતે ઝઘડો થતાં ચાર વિરૂધ્ધ ફરિયાદ

તલોદ, તા. ૧૩
તલોદ કુમાર શાળામાં શનિવારે કરણસિંહ રજુસિંહ રાઠોડ તથા ચિરાગસિંહ, અરવિંદસિંહ શંકરસિંહ રાઠોડ, બદસિંહ શંકરસિંહ રાઠોડ અને સવિતાબેન બદસિંહ રાઠોડ ક્રિકેટ રમતા હતા ત્યારે તે પૈકી કેટલાકે કરણસિંહ રાઠોડને કહ્યું હતું કે મારી બેન મીનાબેનને તારો ભાઇ ત્રણ માસ અગાઉ ભગાડી ગયો છે. તેમ કહેતા ત્રણ જણાએ ઉશ્કેરાઇ જઇ ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેરવાડા પાસે ટેન્કર પલટી ખાઇ જતા એકનું મોત

વિજયનગર, તા. ૧૩
વિજયનગર તાલુકાના ખેરવાડા ગામની સીમમાંથી શુક્રવારે પસાર થઈ રહેલ ટેન્કર નં. જી.જે.૩૧.ટી.૦૪૬૩ ના ચાલક સંજયકુમાર રમણભાઈ ચમારે ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવી દઈ ટેન્કરને રોડની સાઈડમાં ઉતારી દઈ પલટી ખવડાવી દીધી હતી. જેથી તેમાં બેઠેલ એક ઈસમનું મોત નિપજ્યું હતું. જે અંગે ખેરાડીના જગદિશભાઈ રામાભાઈ પટેલે ટેન્કર ચાલક વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### વિજયનગરમાં સામાન્ય બાબતે બોલાચાલી થતા હૂમલો કર્યો

વિજયનગર, તા. ૧૩
વિજયનગરમાં રહેતા મુકેશભાઈ શંકરભાઈ પંચાલ અને સિધ્ધાર્થ ઈશ્વરભાઈ પંચાલ વચ્ચે શુક્રવારે રવિકુમારની બહેન બાબતે ખરાબ શબ્દો બોલતા મુકેશભાઈએ સિધ્ધાર્થને ઠપકો આપ્યો હતો. જેથી સિધ્ધાર્થભાઈએ ઉશ્કેરાઈ જઈ મુકેશભાઈ પર ચપ્પાથી હૂમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી મુકેશભાઈએ સિધ્ધાર્થ વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ફિંચોડની પરિણીત મહિલાને ત્રાસ આપતા પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૩
હિંમતનગર તાલુકાના ફિંચોડ ગામની પરિણીતાને પતિ, સાસુ અને જેઠ દ્વારા લગ્નના ત્રણેક માસ બાદથી ઘરકામમાં વાંકમાં લઈ શારીરિક-માનસિક ત્રાસ આપતા મામલો મહિલા પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. તેવી જ રીતે ઈડર તાલુકાના ફિંચોડ ગામની પરિણીતા પર પતિ, સાસુ, સસરા અને દિયર દ્વારા લગ્નના ચારેક માસ બાદ પૈસાની માંગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા મહિલા પોલીસ સ્ટેશનનું શરણું લીધું છે. અને પરિણીતાએ શુક્રવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુના દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગર તાલુકાના નવા ગામે રહેતા પરબતસિંહ કેશરસિંહ ઝાલાની દિકરી ચેતનાબા ઉર્ફે હિનાબાના લગ્ન ગામમાં રહેતા પૃથ્વીસિંહ ઝાલાના દિકરા કંદર્પસિંહ સાથે થયા હતા. લગ્નના ત્રણેક માસ બાદ ચેતનાબાના પતિ સહિત સાસરીયા ઘરની નાની-નાની વાતે વાંકમાં લઈ શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. ઉપરાંત પરિણીતાના પતિને ગામની કોઈ છોકરી સાથે આડા સબંધો હોઈ કહેવા જતા છુટાછેડા આપી દે નહિ તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી સાથે ગડદા પાટુનો માર મારતો હોવાની રાવ પરિણીતાએ પોલીસ સમક્ષ કરી છે. ત્યારબાદ મહિલા પોલીસે ચેતનાબા ઝાલાની ફરિયાદ આધારે પતિ કંદર્પસિંહ, સાસુ ઈન્દુબા અને જેઠ અવરતારસિંહ પૃથ્વીસિંહ ઝાલા વિરૂધ્ધ ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

તેજ પ્રમાણે ઈડર તાલુકાના વાપી ગામે રહેતા ભીખાભાઈ પ્રજાપતિની દિકરી ઈન્દુબેનના મૂળ ફિંચોડના પરંતુ હાલમાં દસ્ક્રોઈ તાલુકાના વસ્ત્રાલ ગામે રહેતા રાહુલકુમાર પ્રજાપતિ સાથે લગ્ન થયા હતા. લગ્નના ચારે માસ બાદ પતિ સહિત સાસરીયા ઘરકામ બાબતે વાંકુ પાડી પરિણીતા પાસે ગાડી લાવવા માટે પૈસાની માંગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. ઉપરાંત પરિણીતાને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઈન્દુબેન પ્રજાપતિએ શુક્રવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ રાહુલકુમાર પ્રજાપતિ, સસરા ઈશ્વરભાઈ શામળભાઈ પ્રજાપતિ, સાસુ તારાબેન અને દિયર નિતીનભાઈ પ્રજાપતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરની રાજેશ્વરી સોસાયટીમાંથી ૪૫ હજારની મત્તા ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૩
હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ૨૭-રાજેશ્વરી સોસાયટીના એક બંધ મકાનમાંથી શનિવારે વહેલી પરોઢે અજાણ્યા શખ્સોએ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂા.૪૫ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ૨૭-રાજેશ્વરી સોસાયટીમાં રહેતા કુમેન્દ્રસિંહ નટવરસિંહ કુંપાવતા બંધ મકાનનો અજાણ્યા શખ્સોએ શનિવારે વહેલી પરોઢે દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી બેડરૂમમાં રખાયેલ લોખંડની પેટીમાંથી રૂા.૯ હજાર રોકડ, એટીએમ કાર્ડ, ચાંદીના છડા તથા મહિલા પ્રધાન એજન્સી પેટે ઉઘરાવાયેલા રૂા. ૩૫ હજાર રોકડ મળી અજાણ્યા રૂા.૪૫ હજારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે કુમેન્દ્રસિંહ કુંપાવતે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# અંબાસણ ગામે શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન દેરાસરની દ્વિશતાબ્દી મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૧૩
રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે આજે જણાવ્યું હતું કે જૈન સમાજ મહાવીર સ્વામીના અહિંસાના સંદેશાને વર્ષોથી સમાજમાં ફેલાવી રહ્યા છે. જેમાં શાંતિની સાથે સાથે સ્વચ્છતાનો સંદેશો પણ ફેલાવે છે. તેમણે અમદાવાદમાં જૈન આગેવાનો દ્વારા સંચાલિત સંસ્થાઓની શિક્ષણ અને સંસ્કાર આપવાના કાર્યોમાં પોતે સહભાગી થયા તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

મહેસાણા જિલ્લાના અંબાસણ મુકામે યોજાયેલ અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની ૨૦૦મી જન્મ જયંતિના ઉજવણી સમારોહમાં મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તપસ્વીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પરમપુજય અરવિંદ સૂરેશ્વરીજી મહારાજનું શાલ ઓઢાડી મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું હતું. અને જૈન સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા મહારાજનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. અંબાસણ ગામ પુર્વે આદેશ્વરદાદાનું જિનાલય સન ૧૮૭૩ના ફાગણસુદ પાંચમના દિવસો શ્રી ગોડી અમીઝરા પાશ્વનાથ દાદાની પ્રતિષ્ઠા થઈ હતી. અંબાસણ જૈન મહાજન અષ્ટકાહિકા મહોત્સવ જિનાલય દ્વિશતાબ્દી ધ્વજારોહણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સ્વચ્છતા અને સુઘડતામાં દેરાસરોનો મુખ્ય ફાળો રહેલો છે. આઝાદી પછી વર્તમાન સરકારે સ્વચ્છતા અભિયાનને મહત્વ આપ્યું છે. સ્વચ્છતામાં પ્રભુતાનો વાસ છે ત્યારે તેમાં સમગ્ર સમાજ સહભાગી બને તે જરૂરી છે. દિકરીઓમાં લોહતત્વ અને હિમોગ્લોબીનની ઉણપ દૂર કરવા બદલ મુખ્યમંત્રીશ્રીએ મહેસાણા જિલ્લાના સામાજિક આગેવાન મનુભાઈ ચોકસીએ પ્રોટીનના ડબા જિલ્લામાં દિકરીઓને આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી રજનીકાન્ત પટેલ, સાંસદશ્રી જયશ્રીબહેન પટેલ, ગુજરાત પછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન જયંતિભાઈ બારોટ, અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન રમેશ સોલંકી, ડિરેક્ટર વસંતભાઈ રાવલ, ધારાસભ્ય ઋષિકેશભાઈ પટેલ, આયોજક પરિવાર તરફથી કિર્તીભાઈ શાહ, કમલભાઈ શાહ, પ્રકાશભાઈ શાહ, મહિલા આયોગના ડિરેક્ટર અંજનાબહેન પટેલ, જિલ્લા કલેક્ટર લોચન સેહરા, જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગા, મહાનુભાવો, દાતાશ્રીઓ, પ્રબુદ્ધ નાગરિકો, સરપંચો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





